જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૫૬૬ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૨,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૫**

નારણપુરાઃ મહેશભાઈ તુલશીભાઈ દરજી (રહે.ગોપીકુંજ સોસાયટી ,નુતન નાગરીક બેંકની ગલીમા, પ્રગતિનગર બગીચા પાસે, નારણપુરા) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી તા.૨૯/૦૭/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન આરોપી વિજયભાઈ (મો.નં.૯૨૭૪૪૧૨૪૦) તથા સુરેન્દ્ર (મો.નં.૭૯૯૦૯૯૩૯૧૭) નાઓએ ભેગામળી મહેશભાઇ દરજી સાથે મોબાઈલ ફોનથી તેમજ તેમના ઘરે આવી રૂબરૂમાં વાતચીત કરી, મહેશભાઈના "લક્ષ્મીધામ વૃધ્ધાશ્રમ" મા જમીનનુ ડોનેશન આપવાની વાત કરી લાલચ આપી, આ જમીનમા "લક્ષ્મીધામ વૃધ્ધાશ્રમ" નું નામ ચઢાવવા સારૂ મહેશભાઇ દરજી તથા તેમની માતા ભગવતીબેન નાઓને "સરદાર ભવન સચિવાલય ગાંધીનગર" ખાતે લઈ જઈ, મહેશભાઇ દરજી પાસેથી રૂપિયા ૮૫,૦૦૦/– મેળવી લઇ, પોતે "વોશરૂમ જઈને આવુ છુ" તેમ કહી ત્યાંથી નાસી જઇ તેમજ મહેશભાઇ દરજીનો ફોન નંબર બ્લેક લીસ્ટમાં નાંખી ફોન સ્વીચ ઓફ કરી રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પ્રો.મ.સ.ઇ. વૈશાલીબેન નરેશભાઇ ચલાવે છે.

સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૫**

નરોડાઃ દિવ્યરાજસિંહ સ/ઓ રણજીતસિંહ ડાભી (ઉ.વ.૨૯)(રહે.દેવરાજ રેસીડેન્સી, હરીદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા) એ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા હરિદર્શન રોડ વચ્ચે આવેલ દુર્ગાપાર્ક સોસાયટી નજીક દિવ્યરાજસિંહ ચાલતા પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી દિવ્યરાજસિંહના ગળામા પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૬/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ મનીષાબેન વા/ઓ કલ્પેશભાઈ શાહ (ઉ.વ.૪૨)(રહે, એમ્પાયર સ્કાયલાઈન, શેલ પેટ્રોલપંપ સામે, સાયન્સ સીટી રોડ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતા આરોપી લક્ષ્મણભાઈ રમેશભાઈ રોત (રહે.શેનબાઈનગર, રેલ્વે ટ્રેક પાસે, સોલા બ્રીજ પાસે, સોલા. મુળ વતન ગામ–સુરાતા, તા.જોથરી, જી.ડુંગરપુર, રાજસ્થાન) એ મનીષાબેનના ઘરમાંથી સોના–ચાંદીના દાગીના, લોકર તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૧,૦૦૦/– મતાની ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૭/૨૦૨૫**

રામોલઃ દુર્ગેશ તેજાજી મેઘવાલ (ઉ.વ.૨૬)(રહે.લક્ષ્મણ એસ્ટેટ શેડ નં–૩૭ એક્યુરેટ પ્લાસ્ટ ભારવી ટાવર પાછળ સી.ટી.એમ. રામોલ અમદાવાદ મૂળ વતન ગામ.જાવાલ થાના બરલુટ તા.જી.શિરોહી રાજસ્થાન) તા.૨૯/૦૭/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ. ભારવી ટાવર પાછળ લક્ષ્મણ એસ્ટેટમાં શેડ નં–૩૭ મા આવેલ "એક્યુરેટ પ્લાસ્ટ" નામના કારખાનામાં પહેલા માળે મોટર લગાવવાનું કામ કરતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને નારાયણી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૬૮/૨૦૨૫**

રામોલઃ રાજશ્રીબેન વા/ઓ સ્વપનીલભાઇ સોનવણે (ઉ.વ.૨૪)(રહે.મુકતાનંદપાર્ક સોસાયટી, જામફળવાડી, સી.ટી.એમ, રામોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી